ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૩૪/૨૦-૨૧/ 3938 તારીખ : 11 NOV 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.શ્રીજી પોલીમર્સ,**
સીએનજી પંપ સામે,
સ્ટેટ હાઈવે નં-૧૭,
**મું. લખતર,**
**જી. સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૯૨૪૫ ૧૦૪૩૩**

કેસ નં.૩૪/૨૦-૨૧

**વિષય : એચ.ટી.કનેકશન ને ૧૧ કે.વી.લખતર(અર્બન) ફીડરમાંથી પાવર આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૧/૦૮/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૮/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૪/૨૦-૨૧/૩૧૮૫ તા.૧૫/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૪/૨૦-૨૧/૩૬૯૨ તા.૨૨/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૧૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૪/૨૦–૨૧** ☜

વાદી :– **મે.શ્રીજી પોલીમર્સ,**

◊ **વિરૂધ્ધ** ◊

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૩/૧૧/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી જીતેન્દ્રભાઈ મનજીભાઈ પટેલ – (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે. શ્રીજી પોલીમર્સ, મું.લખતર, જી.સુરેન્દ્રનગરની એચ.ટી.કનેકશન ને ૧૧ કે.વી.લખતર(અર્બન)ફીડરમાંથી પાવર આપવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૪/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી,વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૪/૨૦–૨૧/૩૧૮૫ તા.૧૫/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩/૧૧/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી મે.શ્રીજી પોલીમર્સ વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી જીતેન્દ્રભાઈ મનજીભાઈ પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે. શ્રીજી પોલીમર્સ, ગ્રાહક નં–૧૮૬૭૪ થી એચ.ટી.વિજ કનેકશન ધરાવે છે. જે ૧૩૦ કે.વી.એ નો વિજભાર ધરાવે છે.

૧.૨ વાદી દ્વારા ફરીયાદ કરવામાં આવેલ છે કે, તેઓ દ્વારા પોલીમર્સ નું પ્રોડકશન કરે છે, જેના માટે તેઓને ૨૪ કલાક સતત વિજ પુરવઠાની જરૂરીયાત રહેતી હોય છે. પરંતુ, ફીડરમાં અવાર નવાર ટ્રીપીગ આવતા હતા. જેથી, ગ્રાહક દ્વારા તા.૫/૪/૨૦૧૯ ના રોજ સદર બાબતની રજૂઆત લેખિતમાં કરેલ હોવા છતાં, વિજ પુરવઠો નિયમીત રીતે મળતો ન હતો. જેના પરિણામે, દર માસે રૂા.૨,૫૦,૦૦૦/– થી રૂા. ૩,૦૦,૦૦૦/– સુધીનું નુકશાન સહન કરવું પડે છે.

૧.૩ ગ્રાહક દ્વારા રજૂઆત કરેલ છે કે, જો તેઓને ૧૧ કે.વી.લીલાપુર ફીડરમાંથી વિજપુરવઠો આપવામાં આવે તો, અમોને નકામું નાણાંકીય નુકશાન વેઠવું પડે નહી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદી ને ૧૩૦ કે.વી.એ નું શ્રીજી પોલીમર્સ ના નામે નવું એચ.ટી.વિજ જોડાણ તા.૧૮/૪/૨૦૧૮ ના રોજ ૬૬ કે.વી. લખતર સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કે.વી.લીલાપુર જેજીવાય ફીડરમાંથી આપવામાં આવેલ હતું.

૨.૨ વાદી દ્વારા તા.૫/૪/૨૦૧૯ ના રોજ લીલાપુર ફીડરમાં ટ્રીપીગ અવારનવાર આવતા હોવાથી, તેમના વિજ જોડાણને તેની બાજુમાંથી પસાર થતા ૧૧ કે.વી.લખતર અર્બન ફીડરમાં શિફટ કરવા માટેની રજૂઆત કરેલ જેના અનુસંધાનમાં અત્રેની કચેરી દ્વારા સદર વિજ જોડાણ લખતર અર્બમ ફીડરમાં શિફટ કરવાની દરખાસ્ત પત્ર નં–એસએનડી/ટેક–૨/૪૦૯૩ તા.૧૩/૫/૨૦૧૯ થી ઉપલી કચેરીને મોકલવામાં આવેલ.

૨.૩ વડી કચેરી દ્વારા સદર દરખાસ્ત અન્વયે, પત્ર નં–પીજીવીસીએલ/૫૯૬૮ તા.૨૭/૧/૨૦૨૦ થી સદર ફીડરમાં જરૂરી સમારકામ કરવાની સૂચના આપવામાં આવેલ હતી, તથા સદર વિજજોડાણ ને લખતર અર્બન ફીડરમાં જોડવાની દરખાસ્ત પરત મોકલાવેલ, જે મુજબ તા.૮/૮/૨૦૨૦ ના રોજ સમારકામ કરવામાં આવેલ હતુ. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૪ વાદી ને સદર રજૂઆત નો જવાબ પત્ર નં–૫૩૯૩ તા.૭/૮/૨૦૨૦ અત્રેની કચેરી દ્વારા આપવામાં આવેલ હતો અને બીજીવાર પત્ર નં–૭૫૦૦ તા.૨૪/૯/૨૦૨૦ થી અત્રેની કચેરી દ્વારા જવાબ આપવામાં આવેલ છે. જે બંને પત્ર ની નકલ આ સાથે સામેલ છે. જે આપ સાહેબની જાણ સારૂ.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. શ્રીજી પોલીમર્સ ૧૩૦ કે.વી.એ નું HT ટેરીફ હેઠળ ગ્રાહક નં– ૧૮૬૭૪ થી ગામ–લખતર માં વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે, તેઓને ૧૧ કે.વી.લીલાપુર JGY ફીડરમાંથી વિજ જોડાણ આપેલ છે. જયારે તેની બાજુ ના બન્ને તરફના વિજ જોડાણને૧૧ કે.વી. લખતર અર્બન ફીડરમાંથી વિજ જોડાણ આપેલ છે. ૧૧ કે.વી. JGY ફીડરમાં વારંવાર ઈન્ટરપ્શન ને કારણે, તેમજ લાઈન ફોલ્ટ ને કારણે વિજ પુરવઠો ખોરવાઈ જવાથી તેમની પોલીમર્સ પ્રોડકટસ ના કામમાં નુકશાન થાય છે અને હીટીગ પ્રોસેસ હોવાથી, ફરી પ્લાન્ટ ચાલુ કરવા માટે ૨–૩ કલાક નો સમય થાય છે. આમ, સમય અને નાણાંકીય રીતે તેઓને નુકશાન થાય છે.

૩.૩ વાદી એ તેની રજૂઆતમાં, જુન–૧૮ થી જુલાઈ–૨૦ દરમ્યાન પ્રતિમાસ ઈન્ટરપ્શન રીપોર્ટ સાથે પ્રોડકશન લોસ અને તેને લીધે થતો મટીરીયલ લોસ રૂા. ૮,૪૬,૭૭૨/– બનાવી પત્રક રજૂ કરેલ છે.

૩.૪ વાદી એ તેના વિજ સ્થાપનની જગ્યાનો રજૂ કરેલ ગામ નમૂનો નં–૨ મુજબ વાદીનું વિજ જોડાણ લખતર ગ્રામ પંચાયત(અર્બન) ની રેવન્યુ લીમીટ માં આવેલ છે. તેમજ વાદી ના વિજસ્થાપન થી ૭૦ મીટર દૂર પાટીદાર પેટ્રોલીયમ ૧૫ KW તેમજ બીજી તરફ ૩૦૦ મીટર દૂર નિલકંઠ સ્ટીલ ૮૨ KW વિજ જોડાણ આવેલ છે તે બન્ને વિજ જોડાણ ને રોડ ક્રોસ કરી લખતર અર્બન ફીડરમાંથી વિજ પુરવઠો આપવામાં આવેલ છે.

૩.૫ વાદી એ તેની રજૂઆતમાં તેમજ આજરોજ ફોરમ સમક્ષ મૌખિક રજૂઆતમાં જણાવેલ છે કે, તેઓના વિજ સ્થાપનને લખતર અર્બન ફીડરમાં જોડવા માટે થતો ખર્ચ ભરવા તેઓ તૈયાર છે.

૩.૬ પ્રતિવાદી એ વાદીના વિજ જોડાણને અર્બન ફીડરમાં જોડવા માટે તા.૧૩/૫/૨૦૧૯ ના રોજ તેની સક્ષમ કચેરીને દરખાસ્ત મોકલેલ, પરંતુ, તેની મંજૂરી મળેલ નહી.

૩.૭ ઉપર મુજબના અવલોકનો પરથી ફોરમ દ્વારા તારણ કાઢેલ છે કે, વાદીના વિજ સ્થાપનની જગ્યા લખતર ગ્રામ પંચાયત ની હદમાં છે તેમજ વાદીને લખતર અર્બન ફીડર માં પાવર આપવા માટે કોઈ તાંત્રિક વાંધા જણાતા નથી. કારણ કે, વાદીની બન્ને તરફનું વિજ જોડાણ નું લખતર ૧૧ કે.વી.માંથી વિજપુરવઠો આપેલ છે, તેમજ વાદી HT વિજ જોડાણ ધરાવે છે અને તેની પ્રોસેસ માટે સતત વિજ પુરવઠો જળવાઈ રહે તે જરૂરી છે.

૩.૮ તારણ નં–૩.૭ ના તારણ પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદી ના HT વિજ જોડાણ ને ૧૧ કે.વી.લખતર અર્બન ફીડરમાં જોડવા માટે સર્વે કરી અને તાંત્રિક શકયતાઓ તપાસી અંદાજપત્ર, દિવસ–૩૦ માં આપવું. જે ભરપાઈ થયે, આગળની કાર્યવાહી નિયમોનુસાર કરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે એમ. મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. અજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૩/૧૧/૨૦૨૦.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.